# શહેરમાં યોજાયું ગુજરાતી તખ્તાનું બાહુબલી નાટક : કોડમંત્ર

ભારતનો સર્વોચ્ચ સેના મેડલ પરમવિર ચક્ર ૧૫મી ઓગષ્ટે રાજપુતાના રાયફલ્સના કર્નલ ઈન્દ્રવદન રાજપુતને આપવાની ઘોષણા થાય છે અને આજ સમયગાળામાં આ બટાલીયનનો કમાન્ડો રોહિત રાઠોડ કે જે ફિઝીકલી ફીટ નથી અને એના કારણે ગયા વર્ષે બેસ્ટ બટાલીયનનો એવોર્ડ મળ્યો નહોતો, એ ઉચ્ચ અધિકારીને એની ટ્રાન્સફર માટે લેટર લખે છે. બીજે દિવસે સવારે સાડાચારે એને હેલિકોપ્ટર દ્વારા મોકલવાની વાત પહેલા જ આગલે દિવસે રાત્રે સાડા બાર વાગે એનું મૃત્યુ થાય છે... હવે આ કુદરતી મૃત્યુ છે ? મર્ડર છે કે પછી બીજુ કશું ? અને શરૂ થાય છે સસ્પેન્સ થ્રીલર નાટક કોડમંત્ર...

કોર્ડમંત્ર એ લશ્કરના સેકન્ડ ઈન કમાન્ડ યુવા આર્મી ઓફીસર અશ્વીન રાઠોડ પર ચાલતા કોર્ટમાર્શલ કેસ સત્ય ઘટના પર આધારીત ઓફબીટ વિષય ધરાવતું નાટક છે. રાજપુતાના રાયફલનો કમાન્ડો રોહિત રાઠોડ લશ્કરી અધિકારીને કપરી કમાન્ડો તાલીમને પડકારી ફરીયાદ કરે છે અને સ્વિકારે છે કે તે આ તાલીમ પુરી કરી શકે તેમ નથી. તે આવો પત્ર તેની માતાને પણ લખે છે. અહીં લશ્કરના પ્રોટોકોલની વાત આવે છે, અને તેને નહીં જવા દેવામાં આવે એવું ફરમાન થાય છે અને એજ રાત્રે તેનું તેની જ બેરેકમાં ખૂન થઈ જાય છે અને તેને આરોપ તેના ઉપરા ટુ આઈ સી અશ્વીન રાઠોડ પર આવે છે...

મૃતક અશ્વીનનો સગો મોટો ભાઈ છે અને અહીં જ આ કેસ ગૂંચવાડા ઉભા કરે છે, શું આ ખરેખર ખૂન જ હતુ ? કે રેજીમેન્ટ વચ્ચેના આંતરીક રેગીંગનો બનાવ હતો ? કે અશ્વીન કોઈ મોટી



રમતમાં એક પ્યાદુ હતો ? કે એ એક ન્યાયી પ્રક્રિયા હતી જે દુર્ભાગ્યે એક આશાસ્પદ સૈનિકના મોતમાં પરિણમી ? લશ્કરી કાયદા નિષ્ણાંત શગુન ઓઝા અને એનો પતિ આ બનાવ સાથે જોડાયેલી નાજુક કડીઓનું પગેરૂ અંતે ક્યાં પહોચે છે ? આ કોડ મંત્ર શું છે ? ખરેખર લશ્કરે તેને માન્યતા આપી છે કે કેમ ? હજુ એ અસ્તિત્વ ધરાવે છે ? શગુનના જીવનમાં કોડ મંત્રએ શું ભાગ ભજવ્યો છે ?

આ બધા પ્રશ્નોના જવાબ પ્રેક્ષકોએ આ નાટક દરમ્યાન મેળવ્યા હતા. ભારતીય લશ્કરના બેકગ્રાઉન્ડ સાથે રચાયેલું કોડમંત્ર દેશપ્રેમ, ફરજ અને તેના અતિરેક વિશેની અનોખી વાત રજૂ કરે છે. હોલીવુડની ઓસ્કાર એવોર્ડ વિનર ફિલ્મ અ ફયુ ગુડ મેન પરથી બનેલુ આ જ પ્રકારનું નાટક મરાઠીમાં પણ બની ચુકયું છે. અને હિન્દી ફિલ્મ પણ બની ચુકી છે.



## ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવમાં ફરજ અને ફરજના અતિરેક વચ્ચેની પાતળી ભેદરેખાના વિષયને ફરજ નિષ્ઠા, દેજદાઝ, તાલીમ, લોહીની સગાઈ, શિસ્ત-કડકાઈ, સત્યના સ્થાપન માટેની લડાઈ સાથે કોર્ટમાર્શલના અદ્‌ભૂત સંવાદો-દલીલો સાથેનું રૂવાંડા ઉભું કરતું ભવ્ય નાટક ભજવાયું

'કોડમંત્ર' ભરત નારાયણદાસ ઠક્કર નિર્મિત, રાજેશ જોષી દિગ્દર્શિત, સ્નેહા દેસાઈ લિખીત અને પ્રતાપ સચદેવા દ્વારા અભિનીત એ ગુજરાતી તખ્તાનું બાહુબલી નાટક છે. ભરત ઠક્કર ૪૫ જેટલા કલાકારોને લશ્કરી ગણવેશ, શસ્ત્ર તથા સરહદી થાણાના રંગમંચ સાથે ગજબનું થ્રિલર લઈને આવ્યા છે. સ્નેહા દેસાઈએ લેખનમાં અદ્‌ભૂત તાણાવાણાં રહ્યાં છે. નાટકના અંતનું એક્સાઈમેન્ટની અસર રાતભર બધાના મગજમાં ફરતી રહે એવી છે.

નાટકના બધાં કલાકારો મિલીટ્રી ટ્રેનીંગ લઈને આવ્યા છે. વાત લશ્કરની છે એટલે ઢીલાપોચાં કલાકારો ચાલે પણ નહી. દરેક પાત્રના નામો વગર કલાકારોના નામ જાણી લો પ્રતાપ સચદેવ, રાજેશ સોની, અલ્પેશ દિક્ષીત, સુરજ વ્યાસ, પ્રતિમ પારેખ, વિદ્યુલ્લતા ભટ્ટ અને સ્નેહા દેસાઈ, વિરતાની વાતો અને શિસ્ત બદ્ધતા સાથે કોફીના કપ સાથેનું ગીત ''તાકત વતન કી હમ સે હૈ, ઈજ્જત વતનકી હમસે હૈ' મિલિટ્રીની માહોલ જમાને છે.

રંગભૂમિ પરના જુદા જુદા લેવલ પર કલાકારોની અવરજવર, સૌંદર્ય પાથરતો ધૂમાડો અને ખડકોના રંગ બોર્ડર અને રેજીમેન્ટનો માહોલ છેડા સુધી જમાવી રાખે છે. કોડમંત્રની વ્યાખ્યા આપતું સ્નેહા દેસાઈનું ગીત ગમી જાય એવું છે. સચિન-જીગરનું સંગીન વિરરસ જાળવી રાખે છે. પરેડના, તાલિમના દશ્યો પ્રભાવ વધારે છે, કોર્ટમાર્શલ વખતનું ક્લાયમેક્સ, સંવાદો અને અભિનય ગુજરાતી તખ્તાના નવા ક્લેવર સમાન છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવમાં એકાએકથી ચઢિયાતા કાર્યક્રમો આવતા રહ્યા છે. ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ ઉત્કૃષ્ઠ કાર્યક્રમો માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કોડમંત્રને માણવા ગાંધીનગરના મેયર પ્રવીણ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે, ધારાસભ્ય અશોક પટેલ, શિવાલય પરિસરના અમીતભાઈ પટેલ, એ.બી. જ્વેલર્સના મનોજ સોની, કલ્પતરૂના ડી.બી. પટેલ, ઈન્ફોસિટીના સુવાસ બારોટ વગેરે હાજર રહી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને બિરદાવવા એમનો સહયોગ આપ્યો હતો.

ઘણાં વખત પછી ગુજરાતી તખ્તા પર એવું ગુજરાતી નાટક આવ્યું છે, જે નાટક નથી આંખોનું ત્રાટક છે. જેમાં ત્રણ સોફાસેટ નથી, હાથમાં ઝાડું લઈ ઝાપટતો ગંજીવાળો રામો નથી, ફ્લાવર પોટને ટેલિફોન નથી, ચવાઈ ગયેલા જોક્સ-પેરોડી સોંગ્સ નથી. કોડમંત્ર એટલે શરૂથી અંત સુધી મન ભટક્યા વગર મોબાઈલ ખોલ્યા વગર મિલિટ્રીના રોમાંચ, શિસ્ત, કટીબદ્ધતા સાથે ક્યાંક ફરજના અતિરેકની હચમચાવતી વાતો છે...



પ્રતાપ સચદેવ તો જાણે સાચ્ચે જ મિલિટ્રીનો કર્નલ હોય એવો રોફ મારી જાય છે. સ્નેહા દેસાઈ જે પ્રમાણે કડકડાટ અને દમભેરના ડાયલોગ બોલે છે એ જોતાં તો એને તખ્તાની લેડી નાના પાટેકર જ કહેવી જોઈએ. આ નાટકમાં કદાચ શબાના આઝમી-નસરૂદીન શાહ પણ આવો અભિનય ન આપી શક્યા હોત.

શગુન ઓઝા અને પતીની કેમેસ્ટ્રી થોડી વધુ રોમેન્ટીક બનાવી હોત તો જામત. કોડમંત્ર એ અદ્‌ભૂત ટીમવર્કનું નાટક છે. મરાઠીમાં આવેલુ ૯૫૦ કલાકારો, હાથી-ઘોડા સાથેનું નાટક 'જાણતા રાજા' બાદ કદાચ આ નાટક એ અમીટ દશ્ય મુકીને જાય છે, લાંબો સમય યાદ રહે એવું અને યાદ કરાય એવું મિલિટ્રી રેગિંગ, શિસ્ત, કોર્ટમાર્શલને લઈને યાદ રહી જશે એવું લાગે છે.

# ખૂન, લૂંટ, ચોરી, ચીલઝડપ એ ગતિશીલ ગુજરાતની નવી ઓળખ, પોલીસ તંત્ર સરકારી ઉજવણીમાં મસ્ત

ગુજરાતમાં ખૂન, લૂંટ, ચીલઝડપ, ઘરફોડ ચોરી, મારામારી અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમમાં વધારો થયો છે ત્યારે રાજ્યની ભાજપ સરકારના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ અને ગૃહ રાજ્યમંત્રી રજની પટેલ સરકારની બે વર્ષની ઉજવણીમાં મસ્ત છે તેવો આક્ષેપ કરી કોંગ્રેસના મહામંત્રી નિશીત વ્યાસે કહ્યું હતું કે ગુજરાત સમગ્ર દેશના ક્રાઈમમાં રોલમોડલ તરીકે ઉભરી રહ્યું છે અને આ મોડલ દેશના અન્ય રાજ્યોને પણ પાછળ રાખી દે તેવું છે. ગતિશીલ ગુજરાતમાં જંગલરાજનો ઉદય થયો છે. બિન ભાજપની સરકારોમાં ક્રાઈમ રેટ વધે છે ત્યારે ભાજપના નેતાઓ મેદાનમાં આવી જાય છે. જ્યારે ભાજપ શાસિત રાજ્યોમાં ક્રાઈમ રેટ વધે છે ત્યારે આંકડા ફેરબદલીમાં માહિર એવા ભાજપના નેતાઓની બેવડી ચાલ હવે જનતાની નજરમાં આવે છે. એક તરફ મની એસ્ટોર્સનની ઘટનાઓ ચિંતા ઉપજાવતી જાય છે, આર્થિક વ્યવહારો સાથે સંકળાયેલી બાબતોમાં પોલીસ કે ઈન્ટેલિજન્સ બ્યુરોની કોઈ તરકીબ સફળ થતી નથી.

ગુજરાતમાં મુંબઈની જેમ ખંડણી ઉઘરાવવાનું શરૂ થયું છે તેમાં ભાજપના કેટલાક અસામાજિક તત્ત્વો ઘૂસી ચૂક્યા છે. જમીન વ્યવસાયમાં ભાજપના રાજકીય નેતાઓ સામે સરકાર શસ્ત્રો હેઠાં મૂકે છે, કેવળ કોંગ્રેસના નેતાઓની નાની નોની ભૂલોને રજનું ગજ બનાવીને કોંગ્રેસને બદનામ કરે છે. પ્રજા આ સમજી ચૂકી છે તેથી ઉત્સવોના તાયફા ફેઈલ થઈ રહ્યાં છે.

## ખૂણે ખાંચરેથી...

● કેન્દ્રના માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાની બે દિવસના રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં આગામી પખવાડિયામાં સરકારી કાર્યક્રમો સૌથી વધુ યોજાશે.

● ગાંધીનગર મહાનગર-પાલિકા દ્વારા સ્માર્ટ સીટી પ્રોજેકટને લઈ નગરમાં હોર્ડિંગ્સો સંખ્યાબંધ લગાવાયા છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતાં લોકોએ રજાના દિવસો ઘરમાં જ ગાળવાનું મુનાસિબ માન્યુ છે.

● ગુજરાતી ફિલ્મોના ઉભરતા કલાકાર જિમીત ત્રિવેદીએ આજે તેનો જન્મદિવસ પરિવારના સભ્યો સાથે વિતાવ્યો હતો.

● ગાંધીનગર શહેરના ખ માર્ગ પર આજે સવારમાં જ ત્રણ જેટલા અકસ્માતો સર્જાતાં નગરમાં તેની ભારે ચર્ચા જામી છે.

# ગુજરાતમાં દારૂ પીવા પર પ્રતિબંધ છે દારૂના 'નશીલા' ગીતો ગાવા પર નથી

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં દારૂબંધીનો કાયદો એક મજાક બની રહ્યો છે. પકડાય તેને સજા અને ના પકડાય તેને જલસા... આપણે ત્યાં એવા પણ મંદિરો છે કે જ્યાં પ્રસાદમાં દારૂ ચઢે છે. આદિવાસી વિસ્તારોમાં કેટલાક ઠેકાણે દારૂની પાટીઓ થતી હોય છે પણ તેને ધાર્મિક માન્યતામાં વણી લેવામાં આવી છે. કેટલીક દવાઓ પણ એવી છે કે જેમાં આલ્કોહોલનું પ્રમાણ અવશ્ય હોય છે. ગુજરાતમાં દારૂના પરમીટ ધારકોની સંખ્યા પોણો લાખને પાર છે. ગુજરાતના બોર્ડર વિસ્તારમાં એક કિલોમીટર દૂર જઈને લોકો દારૂ પીને પાછા આવી શકે છે. મજાની વાત એવી છે કે ગુજરાતમાં દારૂ પર પ્રતિબંધ છે પરંતુ દારૂના નશીલા ગીતો પર કોઈ પ્રતિબંધ કે નિયંત્રણ નથી. ડાયરામાં, નવરાત્રીમાં કે ધાર્મિક-સામાજીક પ્રસંગોએ ગુજરાતી કલાકારો દારૂનો ઉલ્લેખ કરતા હોય છે. ગુજરાતના એક મિનિસ્ટર કોઈ મુલાકાતીને ચા કે કોફીની ઓફર કરે તો હસતાં હસતાં કહે છે કે તમે જે ઈચ્છો તે અહીંયા નહીં મળે, ચા પી લો... 'મેં તો લાલ ક્વાર્ટર પીછો ગમ માં..'. 'દારૂ પીધો મા એ દારૂ પીધો...' અને 'મેં દહ નો દારૂ પીધો...' એવા કેટલાક ગીતો ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં ધૂમ મચાવે છે. આવા ગીતો મેરેજ ફંકશન અને ડાયરામાં ગાવામાં આવે છે. 'મારે નહોતો પીવો ને મને પાયો રે...' 'મધુરો દારૂડો મહેકે રે...' એવા ગીતો માનવીની ભવાઈ જેવી ગુજરાતી ફિલ્મોમાં પણ આવ્યા છે. રાજ્ય સરકાર એટલી લિબરલ છે કે ગુજરાતી ફિલ્મોમાં પણ દારૂની મહેફિલ પણ બતાવી શકાય છે.

**● કેબિનેટ વિસ્તરણ આડે અવરોધ કોનો આવે છે...**

ગુજરાતની આનંદીબહેન પટેલની સરકારના બીજા વિસ્તરણનું નક્કી થઈ ગયું હતું પરંતુ કોઈ કારણોસર તેને પાછું ઠેલવામાં આવી રહ્યું છે. વિસ્તરણમાં વિલંબ થતાં, સચિવાલયમાં એક સિનિયર અધિકારીએ એવો સવાલ કર્યો હતો કે શું મુખ્યમંત્રી સહિત કેબિનેટ બદલવાનો પ્લાન છે ?.. કારણ જે હોય તે, વિસ્તરણ આડે કોઈ તો નડે છે. આ કોઈ એટલે હાઈકમાન્ડ હોઈ શકે છે. ધારાસભ્યોનું વધારે પડતું દબાણ હોય તેનો ઈન્કાર થઈ શકતો નથી. પ્રદેશ હાઈકમાન્ડ તો અત્યારે સરકાર પર હાવી હોય તેવું લાગી રહ્યું છે, કારણ કે મહત્વના નિર્ણયો કમલમ્ માંથી થાય છે. એપ્રિલમાં થવાનું હતું તે વિસ્તરણ મે પૂરો થવા આવ્યો છતાં થયું નથી તેથી જૂન મહિનો યોગ્ય લાગ્યો હોય તેવો માહોલ જોવા મળે છે. જો કે આટલા સમય સુધી કેબિનેટ પ્રધાન અને ભાજપના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીને બે ઘોડા પર સવારી કરવાની તક મળી છે, જે અગાઉ ગુજરાત ભાજપમાં ક્યારેય જોયું નથી. એક વ્યક્તિ એક હોદ્દાના સિદ્ધાંત પર માનનારી પાટીમાં આવું પણ હોઈ શકે છે તે એક અચરજથી વિશેષ કંઈ નથી.

**● ઇન્દ્રવિજયસિંહ જાડેજા કો ગુસ્સા ક્યો આયા...**

ભાજપના સિનિયર નેતા અને પ્રદેશના પ્રવક્તા ઈન્દ્રવિજયસિંહ જાડેજાને ગુસ્સો કે આવ્યો છે તે પાટીના કાર્યકર્તાઓ સમજી શકે છે પરંતુ સચિવાલયમાં પ્રધાનની ખુરશીમાં બેઠેલા નેતાઓ સમજી શકતા નથી. ગુજરાત ભાજપમાં ટ્વિટરનો ઉપયોગ બહુ ઓછા લોકો કરે છે, પરંતુ જે લોકો કરે છે તે સતત અપડેટ રહે છે. આઈ.કે.જાડેજા તે પૈકીના એક નેતા છે. તેઓ ટ્વિટરને સતત અપડેટ રાખે છે. તેમની લાગણીઓને વાચા આપતું ટ્વિટર હવે વિવાદનું કેન્દ્ર બની રહ્યું છે. તેમણે જ્યારે એવું ટ્વિટ કર્યુ કે 'જે લોકો પાટી ને સમર્પિત નથી તેનાથી પાટી ને કેટલો લાભ ?...' આ ટ્વિટ નેશનલ લેવલ પર છવાઈ ચૂકી છે. તેમનો ઈશારો કોની તરફ છે તે સમજાતું નથી. આ ઈશારો વિઠ્ઠલ રાદડિયા પર હોઈ શકે છે અથવા તો ગોરધન ઝડફિયા પર પણ હોઈ શકે છે. આ એક સ્પેક્યુલેશન છે. પાટીમાં તેમને કોણ નડે છે તે મુખ્યપ્રધાન કે પ્રદેશ પ્રમુખ સમજી શક્યા નથી. તેમણે આખરે ખુલાસો કરવો પડ્યો કે- 'કાર્યકર્તા પાટી ને સમર્પિત બને તોજ તેનો લાભ થાય છે'પ તે મારા ટ્વિટ નો હેતુ છે.

## ઈન્દ્રવિજયસિંહ જાડેજાનો ઈશારો સમજો, 'સંગઠનમાં બધું સારૂં નથી'

**● સચિવાલયનો સવાલ- કૌન બનેગા ચીફ સેક્રેટરી ...**

ગુજરાતના વહીવટી વડા એટલે ચીફ સેક્રેટરીનું પદ કોને મળશે તે સચિવાલયમાં ચર્ચાતો હોટ ક્વેશ્ચન છે. હાલના ચીફ સેક્રેટરી ગંગારામ અલોરિયા જુલાઈ મહિનાના અંતમાં વય નિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે તેમના સ્થાને કોણ આવશે તે ચર્ચાતો પ્રશ્ન છે. કહે છે કે જો કેન્દ્રમાં ડેપ્યુટેશન પર ગયેલા સિનિયર અધિકારી હસમુખ અઢિયા ગુજરાત પાછા ફરે તો તેઓ આ પદ મેળવી શકે છે, પરંતુ જો તેઓ ન આવે તો હાલના ફાયનાન્સ વિભાગના અધિક મુખ્ય સચિવ જે.એન.સિંઘનું નામ એક થી દસની હરોળમાં પસંદ કરવામાં આવે છે. સંભવતઃ તેમના ચાન્સ વધી રહ્યાં છે. તેઓ સરકારની ગુડબુકમાં પણ છે, અને વિભાગની કામગીરીથી મુખ્યપ્રધાન આનંદીબહેન પટેલને સંતોષ પણ છે. ચીફ સેક્રેટરીમાં એક્સટેન્શનની જોગવાઈ પણ હોય છે. આ શક્યતા પર તેમને પૂછતાં તેમણે કહ્યું હતું કે ભગવાને બહું આપ્યું છે. મને જે જવાબદારી સોંપવામાં આવી છે તે મેં નિભાવી છે. એક્સટેન્શન એ મારો વિષય નથી. સચિવાયલમાં ગંગારામ અલોરિયાના અનુગામી તરીકે જે.એન.સિંઘ હોટ ફેવરીટ બનેલા છે અને તેઓ આ પદ પરના પ્રમુખ દાવેદાર પણ છે.

**● ક્યાં છે નોકરી?!, બિહામણું ચિત્ર તો જુઓ ...**

વાયબ્રન્ટ ગુજરાતમાં લાખો યુવાનોને રોજગારી મળશે તેવા સરકારના વાયદા પોકળ પુરવાર થયા છે. ગુજરાતમાં ભલે એમ કહેવાતું હોય કે બેકારોની સંખ્યા ઘટીને નવ લાખ થઈ છે પરંતુ એસટી નિગમની ભરતીના ઉમેદવારો જોતાં આ સંખ્યા શંકા ઉપજાવે છે. ગુજરાતમાં એન્જિનિયર થયેલા યુવાનને ૮૦૦૦ રૂપિયાની નોકરી પણ નસીબ નથી. તલાટીની ૨૪૦૦ જગ્યાની ભરતીમાં ૧૨,૦૦,૦૦૦ ઉમેદવારો અરજી કરે તે સમજી શકાય તેમ છે પરંતુ એસટી નિગમની માત્ર ૬૨૬ જગ્યાઓ માટે ૧૨,૮૮,૦૦૦ ઉમેદવારો આવે તે ગુજરાતની બિહામણી બેકારનું વરવું ચિત્ર ઉપસાવે છે. ગુજરાત વાયબ્રન્ટ બન્યું છે. શાસનના બે વર્ષ પૂર્ણ થયાં છે ત્યારે સરકાર રોજગારીને તેની ઉપલબ્ધિ બતાવે છે, હકીકતમાં કાગળ પરના આંકડા અને વાસ્તવિકતામાં જમીન અને આસમાન જેટલું અંતર છે. સરકારના એક નિગમમાં બાર લાખથી વધુ ઉમેદવારો મેદાનમાં આવે તો વિચારી શકાય તેમ છે કે ગુજરાતની રોજગારી તળીયે આવી છે. એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જમાં આજના યુવાનો તેમના નામ દાખલ કરાવતા નથી. નહીં નોંધાયેલી બેકારીનો આંકડો ખૂબ મોટો છે.

## વાયબ્રન્ટ ગુજરાતમાં બેકારી- ૬૨૬ જગ્યા સામે ૧૨,૮૮,૦૦૦ ઉમેદવાર

**● ગુજરાત મોડલની ટીકામાં VHP પણ જોડાયું છે ...**

ગુજરાતમાં મહિલા મુખ્યમંત્રી આનંદીબહેનના શાસનમાં એક પછી એક આપત્તિઓ આવતી જાય છે. સત્તાના બે વર્ષ પૂર્ણ થવામાં છે ત્યારે તેમની સામે પાટીદાર અનામત આંદોલન, ભાજપના અસંતુષ્ટો અને વિપક્ષ કોંગ્રેસની પરેશાની બાદ હવે સંઘ પરિવારની ભગિની સંસ્થા વિશ્વ હિન્દુ પરિષદે ચાબખા મારવાનું શરૂ કર્યુ છે. આ પરિષદના અગ્રણી કૌશિક મહેતા કહે છે કે દુકાળ અને જળસંકટમાં ગુજરાત મોડલ ફેઈલ ગયું છે. વિશ્વ હિન્દુ પરિષદે આનંદીબહેન સરકાર સાથે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારની ટીકાઓ કરી છે. પરિષદના કાર્યકારી અધ્યક્ષે સંસ્થાના મુખપત્ર વિશ્વ હિન્દુ સમાચાર માં જણાવ્યું છે કે ઈન્ડિયાએ હવે ભારત તરફ પાછા ફરવું પડશે. તેમણે કહ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના વિકાસ મોડલનું માર્કેટીંગ કરવામાં આવ્યું હતું પરંતુ ગુજરાતના ૬૦૦૦ ગામો જળસંકટથી ઘેરાઈ ચૂક્યાં છે. માલધારીઓને હિજરત કરવી પડી છે. રાજકોટ, જામનગર, અમરેલી અને સૌરાષ્ટ્રના બીજા ગામોમાં ૭ થી ૧૫ દિવસના અંતરે પાણી આપવામાં આવે છે. કૌશિક મહેતાએ કહ્યું હતું કે પાણીની અછત માટે વિશ્વએ અપનાવેલા વિકાસ મોડલની નિતી જવાબદાર છે. કોંગ્રેસ અને ભાજપ સહિતના રાજકીય પક્ષો વિકાસ મોડલની બાબતમાં એકસમાન છે. આજે કતલખાનાઓમાં લાખો લીટર પાણી વપરાય છે ત્યારે સરકાર કતલખાના બંધ કરાવી શકતી નથી.

## DMIC પ્રોજેક્ટ સપ્ટેમ્બરમાં શરૂ, ધોલેરા સ્માર્ટ સિટી મોદીનું સ્વપ્ન

**● અકેલે હૈ તો ક્યા ગમ હૈ- આનંદીબહેન એકલા છે ....**

ગુજરાતમાં આનંદીબહેન પટેલના શાસનને ૨૨મી મે ના રોજ બે વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે ત્યારે તેમણે આ બે વર્ષમાં કેટલા કામો કર્યા છે તેનો હિસાબ આપવા સપ્તાહની ઉજવણીના કાર્યક્રમો નક્કી કર્યા છે. કોઈને ના કહેવાની નહીં, બધાંને મળવાનું તે બહેનનું સૌથી મોટું જમા પાસું છે. તેમની કામગીરીમાં બીજી સિદ્ધિ એ છે કે- તેઓ ફાઈલને વધુ સમય માટે મૂકી રાખતા નથી. ઝડપી ફાઈલો ક્લિયર કરવામાં તેમનો વિક્રમ છે. બે વર્ષના સમયમાં તેમણે મોદીએ બનાવેલી યોજનાઓને આગળ ધપાવી છે તો કેટલાક પ્રોજેક્ટ લોકહિતમાં તેમણે રદ કર્યા છે. દુકાળની ઝપટમાં ચઢેલી સરકાર પાસે હાલ પાણીનું શિસ્તબદ્ધ આયોજન કરી શકે તેવા સિનિયર ઓફિસરની કમી વર્તાઈ રહી છે. ગતિશીલ ગુજરાત ના મંત્રને સાર્થક કરવા તેઓ જિલ્લા અને તાલુકાના પ્રવાસ કરે છે પરંતુ તેમને આઉટપુટ મળતું નથી. આ એક જ તેમના વહીવટી તંત્રની સૌથી મોટી ખામી છે. સંગઠન પણ તેમને સાથ આપતું નથી. જ્યારથી તેઓ ખુરશીમાં બેઠાં છે ત્યારથી સંગઠન અને સરકાર વચ્ચે અસરકારક સેતુ સાધી શકાયો નથી તે એક હકીકત છે. સરકાર ચલાવવામાં આનંદીબહેન એકલા પડી ગયા છે. તેમને કેબિનેટના સિનિયર પ્રધાનોનો પણ સાથ નથી.

**● DMIC નું સ્વપ્ન સપ્ટેમ્બરમાં શરૂ થાય છે ...**

દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરનું મોદીનું સ્વપ્ન ગુજરાતમાં સપ્ટેમ્બર મહિનાથી શરૂ થઈ રહ્યું છે. ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટના ડેવલપમેન્ટ માટે મળેલી એક બેઠકમાં ધોલેરાના ૨૨.૫ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિવિધ પ્રોજેક્ટના કામો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતના સ્માર્ટસિટી ધોલેરાનો વિકાસ કરવાની કેન્દ્રની પરમિશન મળ્યા પછી ધોલેરા માટે ગુજરાત સરકાર લેન્ડ એલોટમેન્ટ પોલિસી બનાવી રહી છે જે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવનાર છે. આ પોલિસીમાં ધોલેરાની જમીનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ તેના નિર્ધારિત શિડ્યુઅલમાં શરૂ થાય અને પૂર્ણ થાય તે જોવા હાઈલેવલની એક કમિટી દેખરેખ રાખી રહી છે. પ્રોજેક્ટની ટર્મ્સ ખૂબ ઝડપથી અને સમયસર પૂર્ણ કરાશે તેવું સરકારે કહ્યું છે. ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એ ડીએમઆઈસીનો મહત્વનો પહેલા તબક્કાનો પ્રોજેક્ટ છે. ડીએમઆઈસીનો આ પ્રોજેક્ટ ૯૨૦ ચોરસ કિલોમીટર વિસ્તારને આવરી લે છે અને તેમાં વડોદરા, અમદાવાદ, રાજકોટ, સુરત અને ભાવનગર ઈન્ડસ્ટ્રીયલ સિટીનો સમાવેશ કરવામાં આવેલો છે.